## (C - 61) વીર નિર્વાણ–સ્તવન

(રાગ–આજે પાટણપૂરમાં)

આજે વીરપ્રભુજી નિર્વાણપદને પામિયા રે,
શ્રી ગૌતમ ગણધરજી પામ્યા કેવળજ્ઞાન,
સુરનર આવે નિર્વાણ કલ્યાણકને ઊજવવા રે. આજે૦ ૧.

(સાખી)

ચરમ તીર્થંકર વીરપ્રભુ, ચોવીશમાં જિનરાય,
ભારતના વીતરાગજી, વિરહ પડ્યા દુઃખદાય.

આજે પાવાપુરમાં સમશ્રેણી પ્રભુ આદરી રે,
મુક્તિમાં બિરાજ્યા આપ પ્રભુ ભગવંત,
અહીં ભરતક્ષેત્રે તીર્થંકર વિરહ પડ્યા રે. આજે૦ ૨.

ત્રીશ વર્ષે તપ આદર્યાં, લીધા કેવળજ્ઞાન,
અગણિત ભવ્ય ઉગારીને, પામ્યા પદ નિર્વાણ.

પ્રભુજી! આપે તો પોતાનો સ્વારથ સાધિયો રે,
અમ બાળકની આપે લીધી નહીં સંભાળ;
અમને કેવળના વિરહમાં મૂકી ચાલિયા રે. આજે૦ ૩.

તોપણ તુજ શાસનમહીં, પાક્યાં અમૌલિક રત્ન,
કુંદામૃત-ગુરુકહાન છે, શાસનધોરી નાથ!

જેણે તુજ શાસનને અણમૂલ ઓપ ચડાવિયા રે,
જે છે અમ સેવકના આતમ-રક્ષણહાર,
જેણે ભારતના ભવ્યોને ચક્ષુ આપિયા રે. આજે૦ ૪.

ભરતે વીરપ્રભુનું શાસન આજે ઝૂલી રહ્યું રે,
તે છે કહાનગુરુનો પરમ પરમ પ્રતાપ,
જેણે વીરપ્રભુનો મુક્તિમાર્ગ શોભાવિયો રે,
જેની વાણીથી જયકાર નાદો ગાજતા રે. આજે૦ ૫.